## ચ-૩ સર્કલની શોભા તૂટેલી દિવાલ ઘટાડી રહી છે...

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના દરેક સેકટર્સને પાકા રોડ અને સર્કલો મળ્યા છે. દરેક સર્કલ પોતાની આગવી શોભા વધારે છે. તંત્રએ તો દરેક સર્કલને જુદા જુદા નામથી નવાજયા પણ છે ત્યારે ગાંધીનગરના ચ-૩ સર્કલની શોભામાં થોડોક ઘટાડો થયો છે.

વાત જાણે એમ છે કે, ગાંધીનગરના સેકટર-૮, ૭ ના કોર્નરને જોડતું ચ-૩નું સર્કલ 'નાના વિમાનનું સર્કલ' તરીકે આમ જનતામાં જાણીતું બન્યું છે. પણ આ સર્કલ કેટલાક દિવસથી 'તૂટેલા સર્કલ' તરીકે લોકોમાં પ્રખ્યાત બન્યું છે. કેમ કે, આ સર્કલની દિવાલ કોઈક આકસ્મિક કારણોસર તૂટી ગઈ છે. જેનાથી સર્કલનો સુંદર 'શેઈપ' બગડી ગયો છે. તંત્ર આ બાબતે જાણતું હશે પણ હજુ સુધી તેની મરામત કરવાવાળું કોઈ આવ્યું નથી! રીપેરીંગ કામ ઝડપથી થાય તો ચ-૩નું સર્કલ પહેલા જેવું સુંદર બની જાય! તેની ઉભી થયેલી નવી 'તૂટેલા સર્કલ'ની ઓળખ ભૂંસાઈ જાય..!



નગરમાં ખુલ્લેઆમ વેચાતી પાઈરેટેડ એટલે કે ડુપ્લીકેટ સીડી-ડીવીડીના બજારમાં પણ ઉનાળાની સીઝનની જેમ ગરમી આવી છે. વૅકેશનના સમયમાં ટાઈમપાસ કરવા માટે નગરજનો આવી સસ્તી સીડી-ડીવીડીની ખૂબ માગ કરે છે, જે કારણે આ વેપારીઓ તેજીમાં છે. (તસવીર : દીપક જાની)

## માણસા પેટા ચૂંટણીનાં પરિણામની વિપરીત અસરો ભોગવતા ખેડૂતો

માણસા, તા. ૯

માણસા વિસ્તારમાં રાજ્ય સરકારની તાવો ઊંડા કરવાની અને તેમાં જળ સંચય કરવાની યોજના મુજબ તળાવોમાં પાણી ભરવામાં આવી રહ્યા હતા અને તેવામાં માણસાની વિધાનસભાની પેટા ચૂંટણી આવતા પ્રજામત અંકે કરી તળાવોમાં વધારે પાણી છોડી દેવામાં આવ્યા હતા. પરંતુ ચૂંટણીમાં સત્તાધારી પક્ષની કારમી હાર થતા તેનું પરિણામ હાલ પ્રજાજનો પાણી વિના પાકને નુકશાન થકી ભોગવી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર માણસા પંથકમાં આવેલ તળાવો હાલ ખાલી થવા જેવી સ્થિતિમાં દેખાય રહ્યા છે. તેનું કારણ છએ કે તાજેતરમાં માણસા વિધાનસભાની પેટા ચૂંટણીમાં ભાજપનો પરાજય ! ચૂંટણી ટાણએ ગામેગામ ફરતા પક્ષના મંત્રીઓ અને હોદ્દેદારોએ પક્ષને વિજય અપાવવા માટે ગામે ગામના તળઆવો પાણીથી છલકાઈ દીધા હતા પરંતુ પરાજયને પચાવી નહી શકનાર પક્ષ દ્વારા હવે તાલુકા સાથે ઓરમાયું વર્તન કરાઈ રહ્યું છે અને તેમાંય ખાસ હાલના સ્થાનિક કોંગ્રેસના ધારાસભ્ય બાબુજી ઠઆકોરના ગામ ધોળાકૂવાનું તળાવ પમ પાણી આવવાની રાહ જોઈ રહ્યું છે. અને બે માસથી પાણી નહી આવતા સમગ્ર પંથકમાં ખેડૂતોના પાકને મોટુ નુકશાન થવાની વા કૃષિ નિષ્ણાંતો માની રહ્યા છે.

આ બાબતે સ્થાનિક ધઆરાસભ્ય દ્વારા પણ અનેકવાર જવાબદાર વ્યક્તિઓને ધ્યાન દોરવામાં આવ્યું છે પરંતુ હજુ સુધી આ સંદર્ભે કોઈ કાર્યવાહી ના થતા ખેડૂતોએ ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને સત્વરે તળાવો ભરાય તેવી ઉગ્ર માંગણી કરી છે.

## અરવિંદ કેન્દ્ર દ્વારા અરવિંદ-માતાજીનો અભ્યાસ વર્ગ નિઃશુલ્ક

ગાંધીનગર, તા. ૯

શ્રી અરવિંદ સોસાયટી વડોદરા તરફથી શ્રી અરવિંદ નિવાસ વડોદરા ખાતે શ્રી અરવિંદ તથા માતાજીના ગ્રંથોનો પરિચય આપતો અભ્યાસવર્ગ તા. ૨૧ મી મેથી તા. ૨૭મી મેના સાત દિવસ રાખેલ છે. આ અભ્યાસવર્ગના જોડાનાર ઈચ્છુક વ્યક્તિઓને ગાંધીનગરથી વડોદરા આવવા-જવાનો ખર્ચ તથા રહેવા જમવાની સગવડ નિઃશુલ્ક છે. શ્રી અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩ ગાંધીનગરનો સંપર્ક સાધવો. ફોન નં. ૨૩૨૨૪૩૭૩.

## દરેક સેક્ટરમાં મોટી કચરાપેટીઓને સળંગ સળગાવાતાં દુર્ઘટનાનો ભય

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર શહેરના દરેક સેક્ટરમાં મોટી કચરા પેટી મુકવામાં આવી છે. સ્થાનિક રહીશો અને કામદારો નાનો-મોટો કચરો અહીં કચરા પેટીમાં ભેગો કરે છે. પણ, આ મોટી કચરાપેટી ભરાઈ જાય એટલે તેના કચરાને તે કચરાપેટીમાં જ સળગાવવામાં આવે છે. જેનાથી મોટી-મોટી આગની જ્વાળાઓ ફેલાય છે તે જોઈને રહિશોને ક્યારેક અઘટિત દુર્ઘટનાનો ભય વર્તાયો છે.

સ્થાનિક રહીશો અને કામદારો દ્વારા એકઠો થયેલો કચરો દરેક સેક્ટરમાં મુકેલી મોટી કચરાપેટીમાં નાખવામાં આવે છે. મોટી સંખ્યામાં ભેગો થયેલો આ કચરો નાશ કરવા માટે તેને સળગાવી દેવામાં આવે છે. પરંતુ કચરો સળગાવનારા કામદારો એ વિચારતા નથી કે આ કચરો સળગાવાથી નાની-મોટી દુર્ઘટના થઈ શકે તેમ છે ! કારણ કે, કચરાના ઢગલાથી આગની જ્વાળાઓ મોટી સ્વરૂપ પકડે છે. પવનના લીધે સળગતો કચરો આસપાસ ફેલાય છે. ક્યાંક દેવતા, તણખલા ઉડીને ગમે ત્યાં પડે છે. આ ગંભીર બાબત છે. અંદરનો કચરો કચરાપેટીઓમાં સળંગ સળગાવવાથી મોટી-મોટી જ્વાળાઓ ઉદ્ભવે છે જેથી આગ દુર્ઘટના બનવાનો ભય સ્થાનિકજનોને સતાવી રહ્યો છે. જો કે આનાથી પ્રદૂષણ પણ ફેલાય છે. તંત્ર આ બાબતે સજાગ થાય અને યોગ્ય નિર્ણાયાત્મક કાર્યવાહી આરંભે તેવું સેક્ટર્સના રહિશો જણાવી રહ્યા છે.

## ઉવારસદ, બાલવા અને હરણાહોડા ખાતે કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં તા.૬ મે થી તા.૪ જૂન - ૨૦૧૨ સુધી કૃષિ મહોત્સવ યોજાનાર છે. તા. ૯ મે-૨૦૧૨ના રોજ ગાંધીનગર તાલુકાના ટીંટોડા, દહેગામ તાલુકાના વા.ચૌધરી, કલોલ તાલુકાના લીબોદરા અને માણસા તાલુકાના ખાટાઆંબા ગામે કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તા.૧૦ મે - ૨૦૧૨ના રોજ ગાંધીનગર તાલુકાના ઉવારસદ, કલોલ તાલુકાના બાલવા અને માણસા તાલુકાના હરણાહોડા ગામે કૃષિ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨ની ઉજવણી તાલુકા પંચાયતની સીટ મુજબ -ત્યેક બેઠકમાં સમાવિષ્ટ ગામોમાંથી એક ગામ પસંદ કરીને ત્યાં કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાની ૧૨ તાલુકા પંચાયતની સીટમાં સમાવિષ્ટ ગામોમાંથી એક ગામ પસંદ કરીને ત્યાં કૃષિ મહોત્સવ અંતર્ગત સમગ્ર દિવસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. દરેક તાલુકા પંચાયતની સીટના તમામ ગામના ખેડૂતો તેમાંય મહિલા-યુવાઓ મોટી સંખ્યામાં જોડાયા છે. અત્યાર સુધી ગાંધીનગર તાલુકાના ઉનાવા, રૂપાલ અને આદરજ મોટી ગામમાં, દહેગામ તાલુકાના નાંદોલ, સાણોદા અને હાલીસા ગામમાં, કલોલ તાલુકાના નારદીપુર, ગોલથરા તથા સોજા ગામમાં અને માણસા તાલુકાના ભીમપુરા, ઈન્દ્રપુરા અને ઈટાદર ગામમાં કૃષિ મહોત્સવની ઉજવણી સાથે સાથે તાલુકા અનુસાર તૈયાર કરવામાં આવેલ કૃષિ રથની ફેરણી પણ કરાવવામાં આવી હતી. સમગ્ર દિવસ દરમ્યાનના આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડુતો, મહિલાઓ અને યુવાનો જોડાયા હતા. દિવસ ભરના આ કાર્યક્રમ દરમ્યાન પુશઓનું રસીકરણ અને આરોગ્ય તપાસણી કરવામાં આવી રહી છે. તેમજ કૃષિ તજજ્ઞો દ્વારા કૃષિ વિષયક બાબતોથી ખેડૂતોને માહિતીગાર કરીને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવાની દિશામાં કદમ માંડવાની વાત પર ખાસ ભાર મુકી રહ્ઞાં છે.

કૃષિ મહોત્સવ અંતર્ગત રાજયના જુદા જુદા જિલ્લા-તાલુકા, ગામોના ખેડૂતો અને ગ્રામજનોને રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી વિડિયો કોન્ફરસના માધ્યમથી કૃષિ વિષયક ચર્ચા-ચિંતન સાથે સંબોધી રહયાં છે.

## આજે આર્ટ ઓફ લીવીંગ દ્વારા ભકિત સંગીતનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા દર અઠવાડિયે ગાંધીનગરમાં વિવિધ સ્થળોએ ભકિત સંગીત તથા જ્ઞાનનો સત્સંગ યોજવામાં આવે છે. જેના અંતર્ગત આજે તા. ૧૦મી મે ૨૦૧૨ ને ગુરુવારે રાત્રે ૮.૩૦ થી ૧૦ કલાક દરમિયાન બ્લોક નં. ૨૯૮, પાંડવ ફલેટ, ઘ-૬ કોર્નર, સેકટર-૨૯, ગાંધીનગર ખાતે ભકિત સંગીતનો કાર્યક્રમ યોજાશે.

ભકિત સંગીતના સત્સંગથી દિવ્ય અનુભૂતિ થાય છે. જીવનમાં આનંદનો આવિર્ભાવ થાય છે. હૃદય ખીલી ઊઠે છે તથા પ્રેમની અનુભૂતિ થાય છે. સત્સંગના આ કાર્યક્રમમાં સર્વે સ્નેહીજનો, મિત્રમંડળને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## અંબાજી ખાતે નાગરોએ પૂજા- અર્ચનનો લ્હાવો લીધો

ગાંધીનગર, તા.૯

સમગ્ર ગુજરાત નાગર પરિષદ (મહામંડળ) અમદાવાદ દ્વારા તા. ૧૨ થી ૧૫ મી એપ્રિલ દરમ્યાન સમગ્ર ગુજરાત અને મુંબઈના હાટકેશજનો માટે રાજ્ય સરકારની મંજૂરીથી જગતજનની શક્તિપીઠ શ્રી અંબાજીના મંદિરમાં રાત્રિના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમ્યાન વિશેષ પૂજન- અર્ચનનું આયોજન સંપન્ન થયું. આગોતરા રજિસ્ટ્રેશન દ્વારા સમગ્ર ગુજરાત અને મુંબઈથી નાગરભાઈ - બહેનો ઉપસ્થિત રહીને ચાર દિવસ ધાર્મિક તથા ભાવાવાહી ભક્તિ કરી હતી.

પ્રતિદિન રાત્રિના અંબાજીના પૂજન અર્ચન, રાસ-ગરબાની મંદિરમાં સૌ કોઈએ માણી. મુગટ અને રેશમી વસ્ત્રો નાગરભાઈ બહેનો દ્વારા શિસ્તબદ્ધ રીતે પૂજન કર્યું હતું. પ્રતિદિન રૂા.૧૦૦માં ફરાળ પ્રસાદની વ્યવસ્થા કરેલ હતી. ૮૬ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ યોજેલ હતો.

સમગ્ર વ્યવસ્થા સમગ્ર ગુજરાત નાગર પરિષદના પ્રમુખશ્રી નરેશભાઈ, ધર્મેશભાઈ દેસાઈ, મિહિર દેસાઈ, ભારતીબેન ત્રિવેદી, બેલાબેન જહા, નમન રાજા, જનકભાઈ મહેતા,અમરીષભાઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. શ્રી અરૂણભાઈ બૂચ માર્ગદર્શક રહ્યા હતા.

યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી આ આયોજનમાં રાહબર રહેલ હતા.૪૦૦ નાગરભાઈઓએ લાભ લીધો હતો.

## છોટી છોટી બાતોં કી યે યાદે બડી... પ્રોફેશનને વચ્ચે લાવ્યા વગર પારિવારીક આનંદનો લુત્ફ ઉઠાવી રહેલા પાડોશીઓ

સંબંધ સજાવે જિંદગી

**પહેલો સગો પાડોશી**

- સંજય થોરાત

gsrelation@yahoo.com

ઉમળકાનો ઉભરો ધરાવતાં આ કૉમનવૉલનાં પાક્કા પાડોશી પરિવાર, ગાંધીનગરની જાણીતી હસ્તીઓ છે. આ બન્ને પરિવાર એનર્જી અને એક્ટિવીટીથી છલોછલ છે. પારિવારિક સંબંધમાં ક્યારેય એમનું પ્રોફેશનલપણું ટપકતું નથી. વ્યવસાયિક વાતોથી દૂર એકદમ નાની નાની વાતોમાંથી તેઓ આનંદ મેળવે છે. બન્ને પરિવાર વચ્ચે આમ કોઇ મોટી સ્વીસ્ટ લાવે એવી ઘટનાય બની નથી છતાંય બન્ને પરિવાર એકબીજાના ખાલી દિવાલને કારણે નહીં પણ દિલના સંબંધોથી જોડાયેલાં છે!!

ડૉ. કાન્તી શેખાત એટલે ભલભલા મુડદાલ મોબાઇલ જેવાં માણસની બેટરી ચાર્જ કરી દે, ચામડીનાં અવનવાં વિચિત્ર રોગોથી ત્રસ્ત દર્દી ડૉ. શેખાતનું પગથિયું ચઢે એટલે એનું દુઃખ અને દર્દ બન્ને ભાગ્યું જ સમજો. સતત ખડખડાટ હસતાં ડૉ. શેખાત સે-૮માં છેલ્લા ૧૫ વર્ષથી રહે છે... શેતલ શાહ એટલે વિરાટ કોહલી જેવા એકદમ ચપળ અને એમની હાજરી સતત વર્તાય એવાં ડાયનેમિક પર્સાનાલીટી ધરાવતાં વ્યક્તિ, વ્યવસાયે સિમેન્ટ - કપચીમાં એમનું ખાનદાન ગાંધીનગરમાં વિનય ટ્રેડર્સ અને રણછોડરાય ટ્રેડર્સથી અતિ પ્રતિધ્ધ, થોડા સમય પહેલાં જ સ્વર્ગાવાસી થયેલાં બિહારીકાકા શેતલભાઇનાં સગા કાકા... શેતલભાઇ ૮ વર્ષ પહેલાં સે-૮માં ડૉ. શેખાતનાં પસંદગી પામેલા પાડોશી બન્યાં!!

ઉત્સાહથી તરબતર એવાં ડૉ. કાન્તી શેખાતનાં પત્ની ડૉ. નીતા શેખાત એમનાંથીય ચાર ચાસણી ચઢે. એવા. ગાંધીનગરનાં ખ્યાતનામ ગાયનેકોલોજિસ્ટની પગંતમાં બેસતાં ડૉ. નીતાબેનનાં હસ્તે જન્મેલાં કેટલાંય બાળકો આજે શહેરમાં એમનું નામ રોશન કરી રહ્યાં છે. પરિવાર અને હૉસ્પિટલની જવાબદારી સાથે સામાજિક કાર્યો અને સેવામાં પણ ડૉ. નીતાબેન શેખાત પોતાની હાજરી માત્ર એ કાર્યોને જીવંત બનાવી દે છે...

ડૉ. કાન્તી શેખાત અને ડૉ. નીતા શેખાતે સે-૮નાં એમની બાજુમાં આવેલા પ્લોટમાં માલિક જોડે મિત્રતામાં શરત કરેલી કે પાડોશી એમની ચોઇસનો મળવો જોઇએ અને બાઇજ્જત બે-ત્રણ જણાં ડૉ. શેખાતની સ્કીનિંગમાં ફેઇલ થતાં શેતલભાઇને નંબર લાગેલો! સિવિલ એન્જિનીયર બનેલાં શેતલભાઇએ જયારે સે-૮માં ઘર બનાવવાનું નક્કી કર્યું ત્યારે એમનાં મિત્રોએ કહેલું સે-૨૧ની જગ્યાએ તેઓ ત્યાં સેટ નહીં થઇ શકે, પણ ડૉ. શેખાતના પાડોશમાં મિત્ર-વડીલ-પાડોશી એમ એક જ વ્યક્તિમાં અનેકતાનાં દર્શન થતાં એમને 'રાધા-કૃષ્ણ' જેવી આ ડૉ. બેલડી મળી ગઇ...

ડૉ. શેખાતનો એકમાત્ર દીકરો પાર્થ પપ્પાના પથ પર જ મેડિકલમાં છેલ્લાં વર્ષમાં અભ્યાસ કરે છે. પાર્થ એ શેતલભાઇનો મિત્ર બનીને રહે છે. શેતલભાઇ વૈષ્ણવપંથી હોવાથી પાડોશી પટેલને એમનાં નાથદ્વારાનાં દર્શનેય હક્કથી લઇ જાય છે. શેતલભાઇનો મોટો દીકરો ધૈર્ય ધો-૧૦ની પરીક્ષા આપી પરિણામની રાહ જુએ છે, એ પણ પાડોશીની જેમ પપ્પાના માર્ગે એટલે કે સિવિલ એન્જિનીયર બનવાં માગે છે...

શેતલભાઇનો નાનો દીકરો મીત ધો-૭ નો વિદ્યાર્થી અને ફૂટબૉલનો ખેલાડી છે, જે અત્યારે સ્વીમીંગમાં ધુબાકા મારે છે. અને આનંદની વાત તો એ છે કે સ્વીમીંગ કરાવવાં ડૉ. શેખાત એને પોતાની સાથે એમની ગાડીમાં લઇ જાય છે!!

શેતલભાઇના જીવનસંગીની સોનલબેન ફૅશન ડિઝાઇનર છે. પતિના અને પાડોશીના કપડાંના સિલેકશનમાં એમનું તેજ દિમાગ ટનાટન વસ્ત્રો શોધી કાઢે છે. લગ્ન પછી માત્ર ગૃહિણી બની ગયેલાં સોનલબેને પાડોશી ડૉ. નીતાબેનને આટલું બધું કામ કરતાં જોઇ એ પણ દરરોજ બે કલાક શેતલભાઇને મદદરૂપ થવાં એમની ઓફિસે જવાં લાગ્યાં, સોબત એવી અસરની શ્રેષ્ઠ વાત માત્ર સોનલબેને જ નહીં શેતલભાઇએ પણ ડૉ. શેખાતમાંથી અપનાવી છે. શેતલભાઇ બહુ સહજતાથી સ્વીકારે છે કે અમે જન્મે વાણીયા એટલે જલદી રૂપિયો છૂટે નહીં અને ડૉ. શેખાત રૂપિયા ખર્ચવામાં અટકે નહીં, એટલે બીજા પાછળ કેમ ઘસાવું એ ડૉ. શેખાત પાસેથી શીખીને તેઓ એક જ ભવમાં બે નાતમાં ગુણોનો આનંદ ઉઠાવી રહ્યાં છે!!

રસોઇમાં નિષ્ણાંત સોનલબેનનાં રસોઇનો ચટકો ડૉ. પરિવારને બરાબરને લાગેલો છે, જે એનાં વખાણ કરતાં થાકતાં નથી. સોનલબેન સ્વિફ્ટ ગાડી પણ ખુબ સિફતથી ચલાવે છે, અને લોંગ ડ્રાઇવમાં મદદરૂપ થાય છે, અને ચોંકી જવાય એવી વાત તો એ છે કે માન-મોભાની મર્યાદા વગર ડૉ.ના પરિવારનો કોઇ પણ સભ્ય વિના સંકોચ એમની ગાડી માટે ગેટ ખોલી આપે છે!! આ બન્ને પરિવારમાં કામ કરવાં આવતી કામવાળી પણ કૉમન છે...

ડૉ. શેખાતનાં ૮૫ વર્ષનાં બા રોજ સાંજે ૪ થી ૬ ભજન, કિર્તન કે પુસ્તક વાંચનનું અભિયાન ચલાવે છે, જેમાં સોસાયટીની ૧૪-૧૫ મહિલા ખુશીથી સામેલ થાય છે... આ બન્ને ફેમીલી એકદમ લાઈવ છે, એકબીજાને સામેથી જ ગુડ મોર્નિંગ કે જયશ્રી કૃષ્ણનો સાદ પાડે છે. બંનેના ઘર વચ્ચે આવવા જવાં નાની ઝાંપલી મુકી છે જેથી ફરીને જવું ના પડે, ડૉ. શેખાતનાં ઘરનાં નાના-મોટાં કામો ગાડી સર્વિસ કરવી, ઇન્શ્યોરન્સ કરાવવો કે અગાશીએ ચૂનો કરાવવો શેતલભાઇ એક ઝાટકે પતાવી આપે છે!!

સોનલબેનને ગરોળી એટલે આતંકવાદીથી વધુ ખતરનાક લાગે છે, એક મોડી રાત્રે પાર્ટીવેઅર સાડીમાં આવેલાં ડૉ. નીતા શેખાતે પાડોશી જાગતાં જોયાં એટલે તરત દોડી આવ્યાં અને ગરોળીની વાત સાંભળતાં પહેરેલાં કપડે ગરોળીનું સિઝેરીયન કરી સોનલબેનને યાતનામાંથી મુક્તિ અપાવી!! શેતલભાઇ અને સોનલબેન ડૉ. શેખાતને પોતાના મા-બાપ માને છે. પોતાની નાની-મોટી ગમે તે વાતની તદ્દન સાચી સલાહ આપી મા-બાપનો વ્હાલ વરસાવતાં ડૉ. કપલ માટે શેતલભાઇ અત્યંત ભાવુક છે... પોતાનાં સગાં મા-બાપ અને પાડોશી ડૉ. જોડીની બન્નેની મેરેડ એનીવર્સરી પણ ૨૦ એપ્રિલે એક જ દિવસે આવે છે, એમાંય પ્રભુ અને કુદરતનો કંઇક છુપો સંકેત જ હશે ને? નાની ખુશીઓને વાગોળતાં બન્ને પાડોશી પરિવારો અલગ હોય એવું જરાય લાગતું નથી!!



## ડો. કાન્તી શેખાત - ડો. નીતા શેખાત અને વિનય ટ્રેડર્સવાળા શેતલભાઇ શાહનાં ઉમળકાથી ઉભરાઇ રહેલાં સંબંધોમાં અજબ ગજબનાં તાણાવાણાં ઇર્ષા કરાવે એવાં છે

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૦૩

સૂર્યાસ્ત : ૦૭.૧૧

### તાપમાન

મહત્તમ : ૪૧.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૩૧ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦

તેઝ: ૧૨.૩૦, ૧૦.૧૫

ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫

ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦

હેટ સ્ટોરી: ૧૨.૩૦

વીકી ડોનર: ૩.૦૦, ૫.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦

તેઝ: ૧૦.૧૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦

વીકી ડોનર: ૧૨.૦૦, ૮.૦૦

હાઉસ ફુલ -૨ : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

**સૂર્યા, વાવોલ**

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મોટા ઘરે મારું સાસરીયું: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- ગાંધીનગર જિલ્લા આચાર્ય સંઘ દ્વારા સવારે ૧૦.૦૦ કલાકે શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન

**ટાઉન હોલ**

- બપોરે ૨.૦૦ કલાકે ગાંધીનગર, માણસા, કલોલ, વિજાપુર, અમદાવાદ તેમજ ગુજરાતની તમામ બાર એસોસિએશનના સિનિયર વકિલોનું સન્માન તેમજ વકિલ મિત્રોના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે.

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. માલ-મિલકતની બાબકો ઉકેલાશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

**વૃષભ** : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી નિરાશાત્મક વિચારોમાં વૃદ્ધિ થઈ શકે છે.

**મિથુન** : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે.

**કર્ક** : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

**સિંહ** : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

**કન્યા** : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

**તુલા** : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે. બીજાના કાર્યોમાં બીનજરૂરી હસ્તક્ષેપ ન કરો.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

**ધન** : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

**મકર** : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

**કુંભ** : ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. સંપર્ક ક્ષેત્ર વિસ્તૃત કરો. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે. દેખાવ અને આડંબરોથી સ્વયંને દૂર રાખો. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

**મીન** : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. સીતાબેન લક્ષ્મણજી ઠાકોર (ઉ. વ. ૩૮) પેટ્રોલ પંપ પાસે, રામદેવનગર, ત્રિ મંદિર અડાલજ રોડ, મુ. અડાલજ તા., જિ. ગાંધીનગર